## <u>પૂરક માહિતી</u>

**અગ્રતા ક્રમ-૧૪**

**ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૫૦**

પાલીતાણા નગરપાલિકા હસ્તક રેલ્વે ઓવરબ્રીજ

### <u>નગરોમાં રેલ્વે ઓવરબ્રીજ અને રેલવે અંડરબ્રીજ બાંધકામ માટેની યોજનાની માહિતી</u>

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૩.૦૪.૨૦૧૦ના ઠરાવથી ગુજરાત વધતા જતા શહેરીકરણનું ઉદાત સાક્ષી છે. શહેરી ગીચ વિસ્તારોમાંથી પસાર થતી રેલ્વે લાઇન ધીમા વાહન વ્યવહાર માટેનું ચોક્કસ કારણ છે. પરિણામે માનવ કલાકોનો બગાડ, સુરક્ષા ધારાધોરણો, વાહનોનો બળતણ વપરાશ અને પર્યાવરણ પર વિપરિત અસરો થાય છે. આથી આગામી આયોજનાના ભાગ રૂપે રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજના બાંધકામ માટે સ્થાનિક સ્વારાજ્યની સંસ્થાઓ પાસે જરૂરી ફાળો ઉપલબ્ધ હોતો નથી. તેથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ક્ષમતા અને પ્રમાણભૂત ધારાધોરણો, આ બંન્ને બાબતો ધ્યાને લઇ નગરપાલિકા તથા મહાનગપાલિકાઓના ક્ષમતાવર્ધન અને જવાબદારીપૂર્ણ શહેરી સેવાઓ માટે સહાય આપવી જરૂરી જણાયેલ છે. જે અંતર્ગત નગરોમાં રેલ્વે ઓવરબ્રીજ અને રેલવે અંડરબ્રીજ બાંધકામ માટે સને ૨૦૧૦-૧૧ માં યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી.
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૧.૦૩.૨૦૧૧ ના ઠરાવથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પાસે જરૂરી ફાળો ઉપલબ્ધ ન હોવાના કારણે આવા રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજનું બાંધકામ શક્ય બનતું નથી. આથી રાજ્ય સરકાર દ્વારા આ માટે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને આર્થિક મદદ આપવી જરૂરી જણાવેલ હતી. જે અંગે સરકારશ્રી દ્વારા કાળજીપુર્વક વિચારણા કરી આ યોજના માટે વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં દાખલ કરેલ યોજનામાં રેલવે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજની વર્તમાનમાં થતી બાંધકામ કિંમત અને નગરપાલિકાઓની આર્થિક સ્થિતિ જોતા નગરપાલિકાઓ તેમનો પોતાનો હિસ્સો ફાળવી શકે તેવી કોઇ શક્યતા ન હતી. પરિણામે આવા પ્રોજેક્ટનું અમલીકરણ થઇ શકે તેમ ન હતું. આ માટે રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજના બાંધકામમાં સરકારશ્રીની સંપૂર્ણ આર્થિક સહાય કરી

નગરપાલિકાનો કોઇ હિસ્સો ન રાખી ૫૦% રેલ્વે વિભાગનો હિસ્સો અને ૫૦% રાજ્ય સરકારનો ફાળો આપી આવા કામોને મંજુરી આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

- આ યોજના માટે નોડલ એજન્સી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીને (GUDC) રાખવામાં આવેલ છે.
- ગુજરાત ની તમામ નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓ માં કુલ ૧૪૮ રેલ્વે ફાટક છે. જેના માટે ફિઝીબીલીટી સર્વે કરાયેલ છે. જે પૈકી ૧૦૮ ફાટક ઉપર રેલ્વે ઓવરબ્રીજ/અંડરબ્રીજની કામગીરી ફિઝીબલ છે તથા આ ફિઝીબલ ફાટક પૈકી ૧૨ ફાટક પર ઓવરબ્રીજ/અંડરબ્રીજના કામો પૂર્ણ થયેલ છે, ૩૩ ફાટક પર રેલ્વે ઓવરબ્રીજ/અંડરબ્રીજના કામો પ્રગતિ હેઠળ છે. બાકી રહેલ ફાટક ઉપર ઓવરબ્રીજ/અંડરબ્રીજની કામગીરી આગામી સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**જીયુડીસી, ગાંધીનગર**

**ગુજરાત સરકારશ્રીના "ફાટકમુકત અભિયાન હેઠળ,**

**સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ**

**પાલીતાણા ખાતે રેલ્વે ફાટક ૩૧/બી ઉપર રેલ્વે ઓવરબ્રીજ કામને અંદાજીત રકમ રૂ ૩૬.૦૦ કરોડના કામ માટે તા. ૦૬/૦૨/૨૦૨૦ના રોજ સૈધ્ધાંતિક મંજૂરી પ્રદાન કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે**

| | | |
|---|---|---|
| ૧ | પ્રોજેકટનું નામ | પાલીતાણા ખાતે રેલ્વે ફાટક ૩૧/બી ઉપર રેલ્વે ઓવરબ્રીજ |
| ૨ | પ્રોગ્રામ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના |
| ૩ | ડી.પી.આર કન્સલટન્ટનુંનામ | મે. કીસ્ટોન ઈન્ફ્રાસ્ટ્રકચર, અમદાવાદ |
| ૪ | પી.એમ.સી કન્સલટન્ટનું નામ | મે. IRCLASS, વડોદરા |
| ૫ | સૈધ્ધાંતિક મંજુરીની રકમ | રૂ. ૩૬.૦૦ કરોડ, તા. ૦૬/૦૨/૨૦૨૦ |
| ૬ | રેલ્વેમા રજુ કરેલ GAD નુસ્ટેટસ | GAD મંજુર થયેલ છે. |
| ૭ | એપ્રોચ પોર્શન જી.એ.ડી.સ્ટેટસ | એપ્રોચ GAD મંજુર થયેલ છે. |
| ૮ | વહીવટી મંજુરીની રકમ (AA) | રૂ. ૨૫.૭૫ કરોડ, તા – ૦૪/૧૧/૨૦૨૦ |
| ૯ | સમગ્ર તાંત્રીક મંજુરીની રકમ (OTS) | રૂ. ૨૫.૭૫ કરોડ, તા – ૦૪/૧૧/૨૦૨૦ |
| ૧૦ | મંજુર ટેન્ડરની રકમ | રૂ. ૨૬.૦૯ કરોડ |
| ૧૧ | L1 એજન્સીનુનામ | મે. રચના કન્સ્ટ્રક્શન કં. |
| ૧૨ | વર્ક ઓર્ડર આપ્યા તારીખ | ૧૨/૧૦/૨૦૨૧ |
| ૧૩ | કામ પૂર્ણ કરવાની નિર્ધારિત તારીખ | ૧૧/૦૪/૨૦૨૩ |
| ૧૪ | વધારેલ સમયમર્યાદા | એપ્રિલ – ૨૦૨૪ |
| ૧૫ | કામ પુર્ણ થવાની સંભવિત તારીખ | ડીસેમ્બર – ૨૦૨૪ |
| ૧૬ | ભૌતિક પ્રગતિ | ૪૪ % |
| ૧૭ | નાણાકીય પ્રગતિ | ૩૪ % |
| ૧૮ | હાલની પરિસ્થિતી | કામગીરી પ્રગતી હેઠળ છે. |
| ૧૯ | લંબ થવાના કારણો | (૧) ડિઝાઈન/ડ્રોઈંગ રેલ્વે વિભાગ માંથી મંજૂર થવામાં વિલંબ<br>(૨) યુટીલીટી શિફ્ટીંગ રેલ્વે તથા અન્ય ઓથોરીટી દ્વારા કરવામાં વિલંબ |